## Swindon Carers Centre વિશે સંભાળ રાખનારાઓ શું કહે છે

"તેઓએ મારા માટે જે કર્યું છે તેના માટે હું Swindon Carers Centre નો જેટલો માનું તેટલો આભાર ઓછો છે."




"Swindon Carers Centre તમને શું કરવું તે નથી જણાવતા - તેઓ તમને જણાવે છે કે તમારા વિકલ્પો શું છે. હવે મારે છુપાવવાનો પ્રયાસ નથી કરવો પાડતો કારણ કે SCC એ મને વિશ્વાસ આપ્યો છે."

**Swindon Carers Centre અને અમે પ્રદાન કરીએ છીએ તે સેવાઓની શ્રેણી વિશે વધુ માહિતી માટે:**
**www.swindoncarers.org.uk**

**Swindon Carers Centre સ્વિન્ડનમાં તમામ ઉંમરના સંભાળ રાખનારાઓને માહિતી અને સહાય પૂરી પાડે છે.**

**કૃપા કરીને નોંધણી પ્રક્રિયા શરૂ કરવા માટે અમારો સંપર્ક કરો.**

**અમારા કામનો સમય છે:**
**સોમવારથી ગુરુવાર 9.30am થી 4.30pm**
**શુક્રવાર 9.30am થી 4pm**



**Swindon Carers Centre**
**Sanford House, Sanford Street,**
**Swindon, SN1 1HE**
ટેલિફોન: 01793 531133
info@swindoncarers.org.uk
www.swindoncarers.org.uk

A Network Partner of CARERS TRUST

SWINDON Carers Centre

TRUSTED CHARITY MARK LEVEL 2 NCVO

ચેરિટી નં. 1061116
કંપની નં. 3305621

# Swindon Carers Centre

SWINDON
Carers Centre



**જો તમે કોઈ મિત્ર અથવા પરિજનની સંભાળ રાખતા હો અને તમારે અમુક વધારાની સહાયતાની જરૂર હોય, તો અમે મદદ માટે તત્પર છીએ**

# શું તમે સંભાળ રાખનાર છો?

જો તમે કોઈ બીમાર, કમજોર અથવા અપંગ પરિજન, જીવનસાથી અથવા મિત્રની સંભાળ રાખતા હો, તો તમે એક સંભાળ રાખનાર છો. તમે જે વ્યક્તિની સંભાળ રાખો છો તે વૃદ્ધ હોઈ શકે છે, શારીરિક અથવા માનસિક સ્વાસ્થ્યની સ્થિતિ ધરાવતા હોય શકે છે, શીખવામાં અક્ષમતા અથવા ડ્રગ અથવા આલ્કોહોલ પર (નિદાન અથવા નિદાન નહીં થયેલ) નિર્ભર હોય શકે છે.

લોકો મુખ્યત્વે પોતાને સંભાળ રાખનાર ગણતા નથી, અને પરિણામે તેમને તેમની ભૂમિકામાં મદદ કરી શકતા વિવિધ અધિકારો, લાભો અને સમર્થનને ચૂકી શકે છે.




# અમારા વિશે માહિતી

Swindon Carers Centre (SCC) એ સ્વિન્ડનમાં સંભાળ રાખનારાઓને સમર્થન આપવા અને મદદ પૂરી પાડવા માટે સ્થાપિત એક સ્વતંત્ર ચેરિટી સંસ્થા છે. અમે કેરર્સ ટ્રસ્ટના નેટવર્ક પાર્ટનર છીએ.

અમારી પાસે વિશાળ શ્રેણીમાં સમર્થન અને સેવાઓ પૂરી પાડતા પ્રશિક્ષિત સ્ટાફ અને સ્વયંસેવકોની ટીમ છે.

# અમારું ધ્યેય:

***સ્વિન્ડન અને તેની આસપાસના વિસ્તારમાં સંભાળની જવાબદારીઓ ધરાવતા લોકોની સુખાકારીમાં સુધારો કરવો, જેથી એવો સમુદાય બને જ્યાં સંભાળ રાખનારાઓને માન મળે, તેમનું મૂલ્ય થાય અને તેમને સમર્થન મળે.***

## Swindon Carers Centre કેવી રીતે મદદ કરી શકે છે?

તમારી સંભાળની ભૂમિકાને વધુ વ્યવસ્થિત બનાવી શકે તેવી સહાયતાને શોધવા માટે અમે સાથે મળીને કામ કરવાનું લક્ષ્ય રાખીએ છીએ.

Swindon Carers Centre 18 વર્ષથી ઓછી ઉંમરના યુવાન સંભાળ રાખનારા, 16-24 વર્ષની વયના યુવાન પુખ્ત સંભાળ રાખનારા, 18 વર્ષથી ઓછી ઉંમરનાની સંભાળ રાખનારા પેરન્ટ કેરર્સ, 18-64 વર્ષના પુખ્ત સંભાળ રાખનારા, લશ્કરી સંભાળ રાખનારા, LGBT સંભાળ રાખનારા અને 65 વર્ષની વય ઉપરના વૃદ્ધ સંભાળ રાખનારા સહિત તમામ સંભાળ રાખનારાઓને સહાયક સેવાઓની વ્યાપક શ્રેણી પૂરી પાડે છે.

અમે વિવિધ રીતે મદદ કરી શકીએ છીએ:

- **માહિતી પૂરી પાડી શકીએ છીએ**
- **અન્ય સંબંધિત સંસ્થાઓ માટે સાઇનપોસ્ટ પૂરી પાડી શકીએ છીએ**
- **સેવાઓને ઍક્સેસ કરવામાં મદદ સહિત વન-ટુ-વન સમર્થન પૂરું પાડી શકીએ છીએ**
- **કલ્યાણ અને લાભો અંગે સલાહ**
- **વિરામ અને પૂરક ઉપચારો સુધી પહોંચ**
- **તાલીમ સત્રો અને સેલ્ફ-હેલ્પ ગ્રુપ્સ**
- **ઈમરજન્સી કાર્ડ સ્કીમ**

**01793 531133**
**info@swindoncarers.org.uk**

# SCC સાથે નોંધણી

જો તમે Swindon Carers Centre માં કેરર તરીકે નોંધણી કરાવવા માંગતા હો, તો કૃપા કરીને ટેલિફોન અથવા ઈમેલ દ્વારા અમારો સંપર્ક કરો અથવા અમારી વેબસાઇટની મુલાકાત લો અને નોંધણી ફોર્મ ભરો.

ટેલિફોન: 01793 531133

ઈમેલ: info@swindoncarers.org.uk

વેબસાઈટ: www.swindoncarers.org.uk

જ્યારે તમે અમારો પહેલી વખત સંપર્ક કરો છો, ત્યારે અમે નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરીએ છીએ જેથી ખાતરી કરી શકાય કે અમે તમને સહાયતા આપવા માટેનું સૌથી યોગ્ય સ્થળ છીએ.

અમારી પાસે તમામ સંભાળ રાખનારાઓને સમર્થન આપવા માટે સમર્પિત અનુભવી વ્યવસાયીઓની ટીમો છે



અમને Facebook પર લાઈક કરો
@swindoncarerscentre

અમને Twitter પર ફોલો કરો
@SwindonCarers

**કૃપા કરીને નોંધ લેવી કે અમારી સેવાઓની વધુ પડતી માંગ હોવાને કારણે, અમે મદદ કરી શકીએ તે પહેલાં ક્યારેક થોડા અઠવાડિયા રાહ જોવી પડી શકે છે**